# પશ્ચિમ કચ્છમાં ભારે ગુના ઘટ્યા શોધન વધ્યુ.

પશ્ચિમ કચ્છ પોલીસ જીલ્લાના આગલા વર્ષની તુલનાએ ચાલુ વર્ષમાં ભારે કહી શકાય તેવા ખુન, લુંટ,ધાડ ,હત્યાની કોશીશ અને ઘરફોડ સહિતની ચોરીઓ બનાવોમાં ઘટાડો નોંધાયો છે. તો વિવિધ પ્રકારની ગુનાખોરીની શોધનની ટકાવારીમાં થોડો વધારો થયો છે. સાથે સાથે આ જીલ્લાને પોલીસ હેલ્પલાઇન યોજના થકી સારા પરીણામોમાં મળ્યો હોવાનું જણાવી બદીઓ હરગીઝ ચલાવી નહિ લેવાય તેવું જીલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું પશ્ચિમ કચ્છ જીલ્લાના પોલીસ અધીક્ષક મકરંદ ચૌહાણ આજે પત્રકારો આજે પત્રકારોની સાથેની વાતચીતમાં દરમ્યાન આગલા વર્ષ ની તુલનાએ આ વખતે મળેલા સારા પરીણામો વીશે વાતચીત કરી હતી સારા પરીણામો થકી પોલીસ દળનું મનોબળ વધ્યુ હોવાનું અને કામનુ ભારણ થોડુ હળવુ થવાના કારણે પોલીસ કર્મચારીઓ વધુ સારી રીતે કામ કરી રહયા હોવાનું તેમણે ઉમેર્યુ હતુ. પશ્ચિમ કચ્છ પોલીસને હેલ્પલાઇન (૯૯૭૯૯૨૩૪૫૦) નાં કારણે સારાં પરીણામો મળ્યાં હોવાની વાત કરતાં આ આઇ.પી.એસ. અધીકારીએ એવી અપીલ કરી હતી કે,દેશી દારૂનાં હબ ગણાતા વિસ્તારોમાંથી પણ બાતમી આવશે તો કડક હાથે કામ લઇને આવી બદીઓને નેસ્તનાબૂદ કરવામાં આવશે. તેમણે એવી પણ અપીલ કરી હતી કે, ક્યાંક પીધેલી વ્યક્તિ પણ દેખાય તો બાતમી મળ્યે પોલીસ તુંરત જ કાર્યવાહી કરશે. જિલ્લામાં દારૂ,જુગાર અને આંકડા જેવી બદીઓ હરગિઝ નહીં ચલાવી લેવાય અને આવાં પરિબળો સામે કાયદો સખત હાથે કામ લેશે તેવું તેમણે ઉમેર્યુ હતુ. આ વાતચીત દરમ્યાન જીલ્લાની ગુનાખોરી વિશે લેખાજોખા કરતા શ્રી ચૌહાણે જણાવયું કે, ગત વર્ષની તુલનાએ આ વર્ષે ભારે કહી શકાય તેવા ખુન, લુંટ,ધાડ , હત્યાની કોશીશ અને ઘરફોડ સહિતની ચોરીઓ જેવા ૪૭ ગુના નોંધાયા હતા તો વિવિધ ગુનાના ડિટેકશનની કાર્યવાહી આગલા આજ સમયયગાળામાં ત્રણ ટકાનો વધારો નોંધાયો હતો. આ વખતે ભાગ ૧ થી ૫ના ગુનામાં પૈકી ખુન જેવા શરીર સંબંધી સાત, હત્યાનો પ્રયાસ-ત્રણ , ઘરફોડ દિવસમાં નવ અને રાત્રિમાં બે અનય પ્રકારના ચોરીના ૨૭ વાહન ચોરીના ૧૦ કિસ્સા ઓછા બનયા હોવાનું આંકડા તેમણે પેશ કર્યા હતા. અસામાજીક પ્રવૂતિ કરનારા સામેની કાર્યવાહી પણ વધુ સખત બની હોવાનું કહેતા ગત વખતે નવ પાસાની દરખાસ્ત કરી હતી. જે આ વખતે ૨૫ મોબાઇલ હોવાનું તેમણે ઉમેર્યુ; હતુ. તો સારી કાર્યવાહી બદલ તેમણે સ્ટફની પણ સરાહજના કરી હતી.

# ભુજમાં રોમિયોગીરી સામેની ઝુંબેશમાં દારૂસાથે એક પકડાયો

પોલીસ કાર્યવાહીમાં 4 વાહન ડિટેઇન, 4 એનસી કેસ અને 9 ગેરકાયદે લખાણ દૂર કરાયા

ક્રાઇમ ભુજશહેરમાં ચાલતા ટ્યૂશન ક્લાસીસ આસપાસ રોમિયોગીરી કરતા નબીરાઓને પકડવા ગુરૂવારે પોલીસે સ્પેશિયલ ડ્રાઇવ ગોઠવી હતી, કામગીરી દરમિયાન એક આરોપી વિદેશી દારૂની 4 બોટલો સાથે પોલીસના સકંજામાં આવી ગયો હતો. જેના અનુસંધાને બુટલેગરના નિવાસે છાપો માર્યો હતો. જોકે કઇં હાથ લાગ્યું નહતું. માનકુવા પોલીસના મહિલા પીએસઆઇ

આર.જે. સિસોદિયા તથા તેમની ટીમ દ્વારા ભુજમાં કવાયત હાથ ધરવામાં આવી હતી, જેમાં 4 વાહનો ડિટેઇન કરી તથા 4 એનસી કેસ નોંધ્યા હતા તથા 9 વાહનોમાંથી ગેરકાયદે લખાણો દૂર કરાયા હતા. બિલેશ્વર મંદિર ગાયત્રી સોસાયટી પાસેથી ટીવીએસ સ્કૂટી જીજે-12-એએલ-1143 પર વિદેશ દારૂની બોટલ નંગ 4 (કિંમત 1400) તથા વાહન (કિંમત 30,000) તેમજ મોબાઇલ (કિંમત 4900) કુલ 36,300ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. આરોપીની પૂછતાછમાં તેણે માલ ગણેશનગરમાં રહેતા બૂટલેગર નવઘણ પાસેથી લીધો હોવાની કેફિયત આપતા પોલીસે ગણેશનગરમાં કુખ્યાતના ઘરમાં દરોડો પાડતા કાઇ હાથ લાગ્યું હતું.

# ખાવડામાંથી ગુવારની ગુણીઓ ચોરનારા આરોપીઓ ઝડપાયા



ભુજતાલુકાના ખાવડા ગામે વેપારીની દુકાનમાંથી તસ્કરોએ ગુવાર તથા ચોખાની ગુણીઓ ચોરી કરી જતાં બાબતે વેપારીને જાણ થતાં ચોરાયેલો માલ માર્કેટ યાર્ડમાં વેચાય તે પહેલાં પોલીસને જાણ કરાતાં આરોપીઓને 11 બોરી ગુવાર (કિંમત 36000) તથા ત્રણ ચોખાના બાચકા (કિંમત 3000) તેમજ છકડો (કિંમત 1,50 લાખ) સહિત 1,89,000ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી.પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ખાવડા રહેતા વેપારી વિશાલકુમાર વસંતભાઇની દુકાનમાંથી બુધવારે રાત્રે નાના દિનારા ગામમાં રહેતો કાદર સિધીક સમા (ઉ.વ.26)એ છકડામાં આવી 11 ગુણી ગુવારની અને 3 બાચકા ચોખાના ચોરી કરી ભુજની માર્કેટ યાર્ડમાં વેચવા ગયો હતો, બનાવની જાણ ભુજ બી ડિવિઝન પોલીસને થતાં આરોપી કાદરને 11 બોરી ગુવાર (કિંમત 36000) તથા ત્રણ બોરી ચોખા (કિંમત 3000) તેમજ છકડો (કિંમત 1,50,000) સહિત 1,89,000ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કાર્યવાહીમાં બી ડિવિઝન પોલીસના પીઆઇ સાથે ડીસ્ટાફના મયૂરસિંહ આઇ. જાડેજા તથા સામતભાઇ જોડાયા હતા.

# સલાયાનો આરોપી દુબઇથી મુન્દ્રા આવતા જહાજમાંથી માંડવી પોલીસે ઝડપી લીધો



માંડવી સલાયામાં મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એક વર્ષથી નાસતો-ફરતો આરોપી દુબઇ થી મુન્દ્રા આવતો હોવાની બાતમીના આધારે માંડવી મરીન પોલીસે જહાજમાંથી જ ઉતરતાંની સાથે દબોચી લીધો હતો.પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગત 2015ની સાલમાં સોકત અબ્દુલા કારાણી મહિલાને માર મારી ધાકધમકી સાથે મારી નાખવાની ધમકી આપ્યા બાદ પોલીસ ફરિયાદ થતાં આરોપી દુબઇ જતો રહ્યો હતો, તે પોલીસ પકડથી દૂર હતો,દુબઇથી વિરાટ નામના જહાજમાં આરોપી આવતો હોવાની બાતમી પોલીસને મળતાં મુન્દ્રાના જૂના પોર્ટ પર જહાજ આવતાં માંડવી મરીન પોલીસના સબ ઇન્સ્પેક્ટર વી.આર. સોનારા, અનિરૂદ્ધસિંહ એસ. જાડેજા, કારૂભા ઓકાજી સહિતના સ્ટાફે આરોપીને જહાજમાંથી ઉતરતાની સાથે જ દબોચી લીધો હતો. એક વર્ષથી ફરાર આ આરોપી દુબઇ ભાગી ગયો હોવાથી પોલીસ પકડથી હજુ સુધી દુર રહ્યો હતો.

# શિરવામાં 12.50લાખનાઅમાન્ય બિયારણ વેચતો વેપારી પકડાયો

ગતબુધવારે અબડાસાના કોઠારામાં ગેરકાયદે બિયારણ સાથે વેપારી પકડાયા બાદ સાત દિવસમાં ફરી માંડવી તાલુકાના શિરવા ગામના બસ સ્ટેશન પાસે દુકાનમાં અનધિકૃત બિયારણનું વેચાણ કરતો વેપારી ભુજ એલસીબી પોલીસના સકંજામાં આવી ગયો હતો. બુધવારે મોડી સાંજે પોલીસે છાપો મારી અલગ-અલગ બ્રાન્ડના બિયારણોના 3127 પેકેટો (કિંમત 12,50,800)ના મુદ્દામાલ સાથે વેપારીની ધરપકડ કરી લીધી હતી. પશ્ચિમ કચ્છ ભુજ એલ.સી.બી. પીઆઇ જે.એમ. આલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ બુધવારે માંડવી તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.દરમિયાન સચોટ બાતમીના આધારે શિરવા ગામના બસ સ્ટેશન પાસે આવેલી શ્રીજી ખેતી વિકાસ કેન્દ્ર નામની દુકાનમાં છાપો માર્યો હતો અને અનધિકૃત બિયારણોનો જથ્થો રાખી તેનું વેચાણ કરનારા દુકાન માલિક ભરત પ્રેમજીભાઇ હાલાઇ બિલ કે આધાર પુરાવા વગર ગેરકાયદે કપાસના બીજનું વેચાણ કરતો હોવાનું જણાતા તેની ધરપકડ કરી લીધી હતી.રેડ દરમિયાન આરોપીના કબજાની દુકાનમાં કપાસના બિયારણના અલગ-અલગ બ્રાન્ડના 3127 પેકેટો (કિંમત 12,50,800)નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વેપારી સામે બિનઅધિકૃત બિયારણ વેચવાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આશાપરમાં દેશીદારૂના 12 કેરબા પકડાયા : આરોપી ફરાર



લખપતતાલુકાના આશાપર ગામના ખેતરમાં દેશી દારૂની ભઠ્ઠી ચાલુ હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતાં સોમવારે મોડી રાતે છાપો મારી દેશી દારૂના 12 કેરબા 1800 લિટર દારૂ (કિંમત 3600) તથા સાધન-સામગ્રી (કિંમત 960) કુલ 4560નો મુદામાલ કબજે કર્યો હતો. રેડ દરમિયાન આરોપી નાસી છુટયો હતો.ખેતરમાં દેશી દારૂનો ધંધો કરતા પ્રેમસિંહ સતુભા સોઢાની ભઠ્ઠી પર દયાપરના પીએસઆઇની સુચનાથી એએસઆઇ દસરથસિંહ વી. ઝાલા, પૃથ્વીરાજ વાઘેલા, રાજેશકુમાર વૈશ્નવ તેમજ કાનજીભાઇ મહેશ્વરીએ દરોડો પાડી 1800 લિટર દેશી દારૂનો જથ્થો તેમજ સાધનો જપ્ત કરી લીધા હતા. પોલીસ રેડ દરમિયાન આરોપી પ્રમસિંહ હાજર મળતાં તેના વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# મથલ ગામમાં ધાણીપાસાનો જુગાર રમતા 5 પકડાયા : 4 ફરાર

નખત્રાણાતાલુકાના મથલ ગામમાં ધાણીપાસાનો જુગાર રમાતો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતાં સોમવારે બપોરે છાપો મારી 5 ખેલીઓને રંગેહાથ ઝડપી લીધા હતા, દરોડા દરમિયાન 3 ખેલીઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. ગામમાં હોટલની પાછળ બાવડની ઝાડીમાં ધાણીપાસાનો જુગાર રમી રહેલા સોમાજી મહાદાનજી સોઢા, ભરત સોમાભાઇ સથવારા, ભીમજી ગાભાભાઇ ભદ્રુ, અબ્દુલ જુમા કુંભાર તથા હારૂન મામદ કુંભારને 6030ની રોકડ તથા ત્રણ મોબાઇલ (કિંમત 1000) સહિત 7030ના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા, જ્યારે દરોડા દરમિયાન કાસમ, ગની અદ્રેમાન પઢિયાર, મજીદ મામદ, અબુડો ઇબ્રાહિમ પોલીસને જોઇ નાસી છૂટ્યા હતા.

# ભુજમાં પકડાયેલી નકલી નોટોનું ષડયંત્ર આંતરરાષ્ટ્રીય હોવાની શંકા



ભુજમાં ગત શુક્રવારે 1.61 લાખની ભારતીય ચલણની નકલી નોટો સાથે બે મહિલા તથા 4 પુરૂષો પકડ્યા બાદ શનિવારે કોર્ટમાં 10 દિવસના રિમાન્ડ મેળવી આરોપીઓના નેટવર્કની તપાસ માટે પોલીસની બે ટુકડીઓ આ ષડયંત્રનું પગેરું દબાવવા ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાલ તેમજ મુંબઇ તરફ રવાના કરાઇ છે.

**-પ્રકરણનું પગેરું દબાવવા યુપી અને મુંબઇ તરફ પોલીસ રવાના**

**-બે મહિલા-4 પુરૂષો સહિત છ જણને પકડ્યા બાદ શનિવારે 10 દિવસના રિમાન્ડ મેળવ્યા** ભુજની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે જાલી નોટો સાથે મુળ મુંબઇ રહેતી બે મહિલા સહિત ચાર શખ્સોને પકડ્યા બાદ આ કેસની તપાસ એલસીબીને સોંપવામાં આવી હતી, પકડાયેલા આરોપીના રીમાન્ડ દરમિયાન મળેલા ઇન્પુટના આધારે કચ્છ પોલીસની અલગ અલગ ટીમો દ્વારા આ જાલીનોટ કોણે આપી હતી તેમજ કયા-કયા રાજ્યોમાં ઘૂસાડવામાં આવી છે, તેવી સમગ્ર માહિતી મેળવવા તેમજ આ કારસ્તાન પાછળ કોઇ આંતરરાષ્ટ્રીય હાથ છે કે કેમ તેવી આશંકા ધ્યાને રાખી તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. આ કેસ બાબતે પશ્ચિમ કચ્છ પોલીસ વડા મકરંદ ચૌહાણનો સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું હતું કે, જાલીનોટના કિસ્સામાં જ્યારે બાંગ્લાદેશનું નામ બહાર આવ્યું છે, ત્યારે ચોક્કસ પણે જાલીનોટના કાંડમાં આંતરરાષ્ટ્રીય તત્ત્વોનો હાથ હોવાનું અને આ પ્રકરણ સરહદપાર હોવાની આશંકા રાખી અમારી ટીમ એ જ દિશામાં આગળ વધી રહી છે, પોલીસે આદરેલી તેજ તપાસના પગલે ટૂંકા સમયમાં કોઇ ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે.જમાંગત શુક્રવારે 1.61 લાખની ભારતીય ચલણની નકલી નોટો સાથે બે મહિલા તથા 4 પુરૂષો પકડ્યા બાદ શનિવારે કોર્ટમાં 10 દિવસના રિમાન્ડ મેળવી આરોપીઓના નેટવર્કની તપાસ માટે પોલીસની બે ટુકડીઓ ષડયંત્રનું પગેરું દબાવવા ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાલ તેમજ મુંબઇ તરફ રવાના કરાઇ છે.ભુજની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે જાલી નોટો સાથે મુળ મુંબઇ રહેતી બે મહિલા સહિત ચાર શખ્સોને પકડ્યા બાદ કેસની તપાસ એલસીબીને સોંપવામાં આવી હતી, પકડાયેલા આરોપીના રીમાન્ડ દરમિયાન મળેલા ઇન્પુટના આધારે કચ્છ પોલીસની અલગ અલગ ટીમો દ્વારા જાલીનોટ કોણે આપી હતી તેમજ કયા-કયા રાજ્યોમાં ઘૂસાડવામાં આવી છે, તેવી સમગ્ર માહિતી મેળવવા તેમજ કારસ્તાન પાછળ કોઇ આંતરરાષ્ટ્રીય હાથ છે કે કેમ તેવી આશંકા ધ્યાને રાખી તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. કેસ બાબતે પશ્ચિમ કચ્છ પોલીસ વડા મકરંદ ચૌહાણનો સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું હતું કે, જાલીનોટના કિસ્સામાં જ્યારે બાંગ્લાદેશનું નામ બહાર આવ્યું છે, ત્યારે ચોક્કસ પણે જાલીનોટના કાંડમાં આંતરરાષ્ટ્રીય તત્ત્વોનો હાથ હોવાનું અને પ્રકરણ સરહદપાર હોવાની આશંકા રાખી અમારી ટીમ દિશામાં આગળ વધી રહી છે, પોલીસે આદરેલી તેજ તપાસના પગલે ટૂંકા સમયમાં કોઇ ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે.

# થરાદની જેવલર્સની દુકાનોમાં ભુજ પોલીસની તપાસથી ફફડાટ

લોકલક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ ભુજ પોલીસે ચાર દિવસ પહેલાં થરાદના બે શખ્સો સાથે ત્રણની અટકાયત કરી હતી. તેમણે કચ્છમાં કુકમા, અંજાર શહેર તથા અંજાર તાલુકાના ચંદીયા ગામે બનાસકાંઠા, સાબરકાંઠામાં ડીસા, ખેડબ્રહમા, થરાદ, હિમતનગર મુકામે ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરી થરાદમાં ચોરીનો મુદ્દામાલ વેચ્યો હોવાનું જણાવતાં પોલીસે ગુરૂવારની મોડી રાત સુધી થરાદમાં ધામા નાખ્યા હતા અને થરાદ પોલીસને સાથે રાખી જવેલર્સની દુકાનોમાં તપાસ હાથ ધરતાં ચકચાર મચી જવા પામી હતી.પોલીસ અધિક્ષક મકરંદ ચૌહાણની સૂચનાથી જે.એમ.આલે સ્ટાફ સાથે શેખપીર ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગ દરમિયાન અંજારના નાંગલપર મોટી હાલ મુળ રહે.માધાપર ભૂજનો ધર્મેશ ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે ધમો રામજીભાઈ ટાંક મિસ્ત્રી (ઉં.વ.૨૩) થરાદના ઇઢાટાનો હાલ રહે. ખેડબ્રહ્માનો જગદીશ ભાવાભાઈ રાજગોર (ઉં.વ.22) તેમજ થરાદના હિતેશગીરી ભરતગીરી ગોસ્વામી ઉં.વ.23) અને ચોરીની એલસીડી 20,000 તથા સોનાના બુટીયા જોડ-1 કિ.રૂ. 5000 તથા નાકનો દાણો સોનાનો કિ.રુ.1000 મળી કુલ 26000 ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.એલસીડીની ચોરી અંજાર તેમજ સોનાના બુટીયા તથા નાકનો દાણાની થરાદ મુકામેથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. મુદ્દામાલ થરાદ મુકામે આરોપી હિતેશ ભરતભાઈ ગોસ્વામી મારફતે તેની ફઈ કાંતાબેન ધ્વારા કોઈ સોની વેપારીને વેચેલ હોવાનું ખૂલતાં પીએસઆઇ એસ.સી. શર્માએ થરાદમાં તપાસ હાથ ધરતાં ગૂનામાં સંડોવાયેલા શખસોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

# ભુજની 4 પોલીસ ચોકીને પણ અપડેટ કરવી જરૂરી



ભુજશહેરની ચારેય પોલીસ ચોકી અત્યાર સુધી બેસવાલાયક નહોતી. તેને સૌ પ્રથમ સરસ બનાવાશે. ભીડગેટ ચોક પોલીસ ચોકીને પુરાતત્વ ખાતા સાથે સંપર્ક કરીને સુવિધાયુક્ત બનાવાશે. એટલું નહીં તેને અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ કરાશે. જેથી નાની-મોટી ફરિયાદો કે રજૂઆત તો ત્યાંથી ઉકેલાઇ જશે. પોલીસ કર્મી પણ એવું વાતાવરણ જોઇને ચાવડી પર ફરજ બનાવવાની કોશિશ કરાશે. બસ સ્ટેશન પર સગવડતા ઉભી કરી એવું વાતાવરણ ઉભું કરાશે કે, જેને કારણે પેસેન્જર નિર્ભિત બની તેનો સામાન પણ સાચવવા રાખવો હોય, તો રાખી શકે. આમ 'ફ્રેન્ડલી એટમોસ્ફીયર' ઉભું થાય તેવી અમારી કોશિશ રહેશે. > મકરંદચૌહાણ, પોલીસવડા, પશ્ચિમ કચ્છ પોલીસ ભુજ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ

વિભાગ દ્વારા ચાર પોલીસ ચોકી કાર્યરત છે, પરંતુ ઘણા સમયથી પોલીસ કર્મી પણ ફરજ નીભાવી શકે તેવી હાલત છે તસવીરમાં બસ સ્ટેશન પોલીસ ચોકીમાં બારીમાં પુઠા લગાવેલા દેખાય છે તો બજાર ચાવડીની ચોકી શાકભાજીના કાછિયાઓની લારી પાછળ ઢંકાઇ ગયેલી દૃશ્યમાન થાય છે.કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે 24 કલાક તૈનાત રહેતા પોલીસ કર્મીઓની ફરજ માટે એમ કહી શકાય કે, યશ કરતા અપયશ વધુ મળે. સતત ફરજ બજાવ્યા બાદ પણ કોઇ ચૂક રહી જાય તો ઉપરી અધિકારીથી કરીને પ્રજા પણ તેમને દોષી ઠેરવે. વાત અલગ છે, કે સત્તાની આડમાં અસામાજિક પ્રવૃત્તિને ડામવા કરતાં પ્રોત્સાહિત કરવાના આક્ષેપો પણ થતા હોય છે. પશ્ચિમ કચ્છ પોલીસ વડા તરીકે મકરંદ ચૌહાણ આવ્યા પછી પોલીસ પ્રત્યે લોકોમાં ઉપેક્ષાની ભાવના હતી, તેને બદલે અપેક્ષાની ભાવના ઉભી થઇ છે. હેલ્પલાઇન અને હેલો ભુજ જેવા સીધા લોકસંપર્કના કામ શરૂ કરાતા પ્રજાને વાસ્તવિક પરિસ્થિતિ અધિકારી સુધી પહોંચાડવાની મોકળાશ મળી છે. બુધવારે ભુજ શહેરના ડિવિઝન હસ્તક આવતી દરેક પોલીસ ચોકીની રૂબરૂ મુલાકાત પોલીસ વડાએ લીધી, ત્યારે સ્થાનિકે લોકોના પ્રશ્નો સામે આવ્યા તો 4 પોલીસ ચોકીની ત્રુટીઓ પણ સામે આવી. ઇ-ગવર્નન્સ દ્વારા આજે દરેક સરકારી દફ્તર ઓનલાઇન મુકાઇ ગયા છે, તો લગભગ દરેક ખાતા લેટેસ્ટ ટેક્નોલોજી સાથે જોડાઇ ગયા છે, ત્યારે ભુજ શહેરની ચાર મુખ્ય ચોકી પણ અપડેટ થાય તે જરૂરી બન્યું છે. હાલની હાલત જોઇએ તો બસ સ્ટેશનની પોલીસ ચોકીની બારીમાં પૂઠાં ભરાવ્યા છે, તો બજાર ચાવડી રાજાશાહીના જમાનાની ઇમારતમાં માત્ર હાજરી પુરતી કાર્યરત છે. મોટા ભાગના ભુજના વિસ્તારને આવરી લેતી ચાર પોલીસ ચોકી જો અપડેટેડ હોય તો સિટી પોલીસ સ્ટેશન સુધી પણ ફરિયાદીને જવાની જરૂર પડે. અંગે ડિવિઝનના પી.આઇ. કે.જે. દેસાઇએ જણાવ્યું કે, અમે સુધારા વધારા કરવાની વિચારણામાં છીએ, જો શક્ય હશે તો લોકભાગીદારીથી અથવા ખાતાકીય નાણાની વ્યવસ્થા દ્વારા વધુ સગવડયુક્ત બનાવશું. કલરકામ કે બારીના કાચ લગાવવા જેવા નાના-નાના કામ તો ત્વરાએ થઇ જશે.છે ચાર પોલીસ ચોકીના કાયદો વ્યવસ્થાના વિસ્તાર

**>એસટીપોલીસ ચોકી** : }મ્યુઝિયમ }નવું સ્વામિનારાયણ મંદિર }મિડલ સ્કૂલ }એસટી કોલોની }જ્યુબિલી સર્કલ }બેન્કર્સકોલોની}ટીનસિટી}લેવાપટેલહોસ્પિટલ}

>**મિરજાપર પોલીસ ચોકી** : }કોવઇનગર} શનિ મંદિર } મહિલા કોલેજ } મુન્દ્રા રિલોકેશન સાઇટ }રિલાયન્સ સર્કલ }સેવનસ્કાય હોટેલ }લાભશુભ સોસાયટી } હિલગાર્ડન } સહયોગ નગર } મિરજાપર સમગ્ર વિસ્તાર }ભુજ-નખત્રાણા ત્રણ રસ્તા }જયનગર }મહાવીરનગર }અરિહંત નગર

**> બજારચાવડી પોલીસ ચોકી** :}દરબારગઢ } નાગરચકલા } શરાફ બજાર } મહેરેલી ચોક }વાડિયાવાડ }સંજોગનગર }કોડકી રોડ }જૂની/નવી રાવલવાડી }રઘુવંશીનગર } હમીરસર તળાવ }બકાલી કોલોની }સંસ્કાર નગર}લાલનકોલેજ

**>ભીડ પોલીસ ચોકી** : }જનતાઘર} ન્યૂ સ્ટેશન રોડ }ભીડગેટ અંદરનો વિસ્તાર }સરપટ ગેટ }પોલીસ ક્વાર્ટર }જેલ ક્વાર્ટર } સિવિલ એરપોર્ટ }નોખાણિયા ગામ }ઝૂરા }જતવાંઢ }લોરિયા }રુદ્રમાતા ડેમની ડાબી



# નખત્રાણાતાલુકાના મોટા ધાવડા ગામમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની પોલીસને

નખત્રાણાતાલુકાના મોટા ધાવડા ગામમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતાં બુધવારે બપોરે છાપો મારી 6 ખેલીઓને 6300ની રોકડ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા.મોટા ધાવડા ગામમાં પોલીસે બાતમીના આધારે બપોરે દરોડો પાડતાં બસ સ્ટેશન પર જાહેરમાં તીનપત્તીનો જુગાર રમી રહેલા મનુભા ચાંદજી સોઢા, દીપસંગજી ચનુભા જાડેજા, પ્રેમજી બાવા લોંચા, મનુભા ઉર્ફે પાચુભા દેવાજી જાડેજા, વંકાજી પથુજી સોઢા, ચંદ્રસિંહ દેવાજી જાડેજા (રહે તમામ મોટા ધાવડા)ને 6300ની રોકડ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. નખત્રાણા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકુ -ડુમરામાં દારૂ સાથે 3 જબ્બે

જખૌપીએસઆઇ અેન.એચ. જાડેજાને બાતમી મળતાં ગુરૂવારે સાંજે વાંકુ પિંગલેશ્વર જતા રોડ પર આવેલી વાડીમાં દરોડો પાડી હરેશસિંહ પ્રવિણસિંહ જાડેજાને વાડીમાં ઘાસમાં દાટેલા બિયર નંગ 12 (કિંમત 1200) સાથે રંગેહાથ ઝડપી લીધો હતો. જખૌ પોલીસના ASI ગોવરધન મોરીયાએ આરોપી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. બીજીતરફ અબડાસાના ડુમરા ગામથી સાંધણ જતા ફકીર અલાના કોલીને 20 દેશીદારૂ, મોટર સાઇકલ જીજે-12-આર-6022 સાથે કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જટુભા જાડેજાએ પકડી પાડ્યો હતો, તો માર્ગ પરથી મોટર સાઇકલ જીજે-10-એએફ-6396 ઉપર દેશી દારૂની થેલી નંગ 16 સાથે આરોપી વિજયસિંહ ભુરજી રાઠોડને કોઠારાના પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઇ દેસાઇએ ઝડપી પાડ્યો હતો. બન્ને આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## નાના કપાયામાં દેશી દારૂની ડીલીવરી આપવા આવેલા ખેડલઇનો ધંધાર્થી ઝડપાયો.

મુંદરાની ભાગોળે આવેલો નાના કપાયા ગામે છકડો રીક્ષા મારફતે દેશી દારૂની ડીલીવરી દેવા માટે આવેલા મોટી ખેડલોઇના ભવાન માવજી જોગીને મુંદરા પોલીસે. રૂા- ૫૮૦૦/- ની કીંમતના દેશી દારૂ સાથે પકડી પાડ્યો હતો પોલીસના સુત્રોની આપેલી માહિતી મુજબ આજે સવારના સાડા દશેક વાગ્યે આ દરોડો પડ્યો હતો પકડાયેલા આરોપી કબ્જાનો જી.જે. ૧૨ એ.ઝેડ ૨૫૧૩ નંબરનો સકડો તથા તેમાંલઇ આવેલા ૨૮૦ લીટર દેશી દારૂ કબ્જે કરાયો હતો ખેડોઇથી આ માલ કાનાભાઇ જાડેજાએ મુક્યો હોવાનું બહાર આવતા ફરીયાદમાં તેને પણ આરોપી બનાવાયો છે. સહાયક ફોજદાર ઇશાક હિગોરાએ આ ગુનો દાખલ કર્યો હતો.

# એક મહિનામાં પશ્ચિમ કચ્છમાં ટ્રાફિક પોલીસ દ્વારા ૩૫૪ લાખની દંડની વસુલાત

પશ્ચિમ કચ્છમાં મે માસમાં દરમિયાન જુદા જુદા સ્થળોએપ્ોલીસે ડ્રાઇવ યોજીને ૩૫૪ લાખની દંડની વસુલાત કરી હતી. અને એક સપ્તાહમાં ભુજ-માંડવીમાં ટ્રાફિક વોર્ડન મુકાશે.ખાસ કરસને લાયસન્સ ગાડીમાં અધુરા કાગળો હેલ્મેટ વગર વાહનો ચાલાવતા ચાલકો સામે કાર્યવાહી કરી હતી . જેમા' ૧૫૯૬ એનસી કેસો કરાયા હતા તેમજ ૧૯૪ વાહનો ડીટેઇન કરવામાં આવયા હતા આ ઉપ્રાંત ૧૮ કેસોમાં જાહેરનામાં ભંગના કરાગયા હયા પી.એસ.આઇ વી.કે.ગડવી. ના જણાવયા પ્રમાણે તાજેતરમાં ટ્રાફિક વોર્ડન માટે ૧૫ વ્યક્તિઓને  ભરતી કરવામાં આવયા છે.  જેઓને હાલમાં તાલીમ આપાઇ રહી છે. આવતા સપ્તાહેથી તમામને જુદા જુદા વિસ્તારોમાં મુકવામાં આવશે જેના કારણે ટ્રાફિક સમસ્યાને મહદઅંશે નિરાકરણ આવશે.

# શહરેમાં ધુમ્રપાન શોખીનો પર તવાઇ ઃ ૨૪ ને દંડ

ભુજ શહેરમાં જાહેર સ્થળો પર બીડી અને પ્ંબાકું ગુટકાનું સેવન કરનારાહો તથા વેચનારાઓને સામે એ ડીવીઝન પોલીસે વતવાઇ બોલાવી ને. ૨૫ જેટલા ધુમ્રસ્થળો રસિયાઓને મેમા પકડાવીને રૂ. ૪ હજારનો દંડ વસુલ કર્યો હતો. પશ્ચિમ કચ્છ પોલીસે ગઇ કાલે બુધવારે મળેલી ક્રાઇમ કોન્ફરન્સમાં એસ.પી.મકરંદ ચૌહાણ કાયદો અને વ્યસ્થા સઘન બનાવીને જાહેરમાં બીડી અને તંબાકુનું સેવન કરી જાહેરનામાં નું ભંગ કરનારા સામે પણ ભગલા ભરવા અધિકારીઓને તાકીદ કરી હતી આ અનુંસંધાને આજે ેઅ ડીવીઝન  પી.આઇ દેસાઇએ એસટી બસ સ્ટેશનમાં ખાસ ડક્ષઇવ ગોઠવીને જાહેરમાં બીડી પી રહેલા અને તંબાકુનું સેવન કરી રહેલા જાહેરમાં થુંકતા ૨૪ જેટલા લોકો સામે તેમજ એક દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેઓને મેમો પડાવીને રૂ. ૪ હજાર જેટલો સ્થળ પર દંડ વસુલ કર્યો હતો. પી.આઇ.ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ વૈષ્ણવે અને સ્ટાફે કરીલી આ કામગીરી એસ.ટી. બસ સ્ટેશનમાં ધુક્રપાન કરનારાઓમાં નાસભાગ મચી હતી.

## ***<u>બાંડિયા ગામે ધાણીપાસાનો જુગાર રમતા 5 ખેલીઓ પકડાયા</u>***

અબડાસાનાબાંડિયા ગામે ધાણીપાસાનો જુગાર રમાતો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતાં શુક્રવારે બપોરે છાપો મારી 5 ખેલીઓને 1120ની રોકડ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. બાંડિયા ગામમાં આવેલા કેસરિયા મંદિરના ઓટલા પર પોલીસે બાતમીના આધારે બપોરે દરોડો પાડતાં ધાણી પાસાનો જુગાર રમી રહેલા મુબારક આમદ સોરા, વટુર ગુલમામદ બલોચ, મુબારક સિધિક હિંગોરજા, રમજુ ગુલમામદ બલોચ, મુબારક સિધિક હજામ (રહે તમામ બાંડિયા)ને 1120ની રોકડ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા, નલિયા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સલિયા સીમમાંથી અંગ્રેજી દારૂ સાથે એક આરોપી પકડાયો : બીજો છૂ

નખત્રાણાતાલુકાના રસલિયા ગામની સીમમાં બુધવારે સાંજે બાતમીના આધારે એલસીબી પોલીસે દારૂની 4 બોટલ સાથે એક આરોપીને પકડી પાડ્યો હતો, જ્યારે બીજો આરોપી હાજર મળતાં બન્ને સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ મકરંદ ચૌહાણની સૂચનાથી એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ. આલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસો નખત્રાણા તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી આધારે રસલિયા ગામની સીમમાંથી લાખુભા રામસંગજી ઉર્ફે જાડેજા (રહે. રસલિયા)ને અંગ્રેજી દારૂની બોટલ નંગ-4 (કિંમત 1400) સાથે પકડી પાડ્યો હતો, જ્યારે બીજો આરોપી રાસુભા તુગાજી સોઢા (રહે.ખાનાઇ, તા. અબડાસા) હાજર મળતાં બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

## *ભુજમાં પત્નીને પતિએ બળજબરી પૂર્વક ફિનાઈલ પીવડાવી*



શહેરના જનતાનગરી વિસ્તારમાં રહેતી પરિણીતાને તેના જ પતિએ ફિનાઈલ પીવડાવી દેતા તેણીને ભુજની જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.જાણવા મળતી વિગતો મુજબ આજે સાંજે ૪ વાગ્યાના અરસામાં મુમતાઝ માંજોઠી (ઉ.વ.૨૩)ને બપોરે તેના પતિ ઈમરાનએ બળઝબરી પૂર્વક ફિનાઈલ પીવડાવી દીધી હતી. તેણીને રમઝુ ફકીરમામદ પઠાણ હોસ્પિટલમાં લઈ આવ્યો હતો. આ કેસમાં કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. તેણીનો લગ્નગાળો ૬ વર્ષનો છે અને તેના બે સંતાનો હોવાનું જાણવા મળે છે. આ કિસ્સામાં પોલીસે તેણીની ફરિયાદ પરથી વધુ તપાસ હાથ ધરી છે.

### *નાઇટ પેટ્રોલીંગના બદલે ઘેર સુઇ જતા  પોલીસ પર જાપ્તો*

**કચ્છમાં ખાસ કરીને** રાત્રીના સમયગાળામાં ઘરફોડ ચોરી,દુકાનના તાળા તુટવા કે એ.ટી.એમ માંથી લુંટ વગેરેના બનાવો બનતા હોય છે. આવા સમયે પોલીસ પણ રાત્રી પહેરો ભરે છે. છતા બનાવો શા માટે બને છે.તે સવાલ પોલીસ અધિકારીઓને સતાવતો હોવાથી પોલીસની  ભૂમિકા સામે પણ ઉભા થતા હોવાથી આ એક નવતર પહેલ પશ્ચિમ કચ્છના મકરંદ ચૌહાણે શરૂ કરી છે. મળતી માહિતી મુજબ રાત્રી પેટ્રોલીંગ દરમ્યાન ફરજ બજાવતા રોજ ૨૦૦ જેટલા કર્મચારીઓ નાઇટ ડ્યુટીમાં જોડાતા હોવાથી તમામ પોલીસ સ્ટેશનમાં નાઇટ ફરજના પત્રક પોતે મંગાવી લે છે. આજથી નવી પધ્ધતિ અમલી બનાવી છે.એ મુજબ રાત્રી ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી જેને જે-તે વિસ્તારની ફરજ સોપવામાં આવી છે. તેના તમામ પત્રક પોલીસ સ્ટેશન પ્રમાણે વોટ્સએપ ઉપર પોલસ અધીક્ષકને મોકલવામાં આવે છે.જેમાં તમામ પોલીસ સ્ટાફના મોબાઇલ નંબર પણ હોય છે.જેના આધારે પોલીસ અધીક્ષક તાથા ડી.વાય.એસ.પી, કક્ષાના અધિકારી દ્વારા પોલીસ જવાનનું લોકેશન જાણી ખરેખર તે ડ્યુટી ઉપર છે. કે ઘેર સુતા છે. તેની  જાણકારી લેવામાં આવશે.અથવા નોકરીના સ્થળે પોલીસ અધિકારી ખુદ પહોચી ચકાસણી કરશે.

## માંડવીમાંથી શરાકની પંચ બોટલ સાથે યુવાન જબ્બે

માંડવી વિન્ડફાર્મ રોડ પર આવેલ બાલાજી હનુમાન મંદિર પાસે પોલીસ  સાંજના સમયે વાહન ચેકીંગ કરી હતી ત્યારે ત્યારે જીજે-૧૨બીએચ-૧૮૩૩ નંબરની મોટર સાયકલ પર નીકળેલા યુવકની તલાશી લીધી હતી આ તલાશી દરમ્યાન યુવકના કબજામાંથી અંગ્રેજી શરાબ વ્હીસ્કીની પાંચ બોટલ મળી આવતા પોલીસ દીવાદાંડી વિસ્તારમાં રહેતા દીપક ઉર્ફે ભાયો હીરજી માલમ (ઉ.વ.-૪૧)ની શરાબ અને બાઇક મળી કુલ રૂ.૧૧,૭૫૦ની મત્તા સાથે ધરપકડ કરવામાં આવી હતી.

## નાની ખાખરમાંથી દેશીદારૂના જથ્થા સાથે બે જબ્બે

માંડવી તાલુકાના નાની ખાખર ગામે દેશી દારૂના બે વિક્રેતાઓ પર પોલીસે દરોડો પાડી ૧૦૦૦થી પણ વધુ લીટર દેશી દારૂ ઝડપી પડ્યો હતો.માંડવી તાલુકાના નાની ખાખર ગામે દેશી દારૂનો મોટા પાયે ધંધો કરતા બુટલેગરો પર બાતમીના આધારે માંડવી પોલીસના દિનેશ ભટ્ટી, નુરમામદ ભદ્રા, નરશી વાઘેલા અને નવીન જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડીને અનિરૂધ્ધસિંહ જાડેજાને ૮૦૦ લીટર અને મધુભા જાડેજાને ૨૬૦ લીટર દેશીદારૂ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વરમસેડીમાં જુગારનીબાજી માંડી બેઠેલા સાત ઝડપાયા

નખત્રાણા તાલુકાના વરમસેડીમાં સ્કુલની પાછળ તીનપત્તીનો જુગાર રમી રહેલા સાત શખ્સોને પોલીસે ૪૮૦૦ની મત્તા સા થે પકડી પાડ્યા હતા. દરોડામાં તીનપત્તીનો જુગાર રમી રહેલ લાલજી જેપાર, ગોવિંદ હરીજન, અરવિંદ ચાવડા, રમેશ જેપાર, ખેંગાર જેપાર, પેથા બુચીયા, નરશી નાભોડીને રૂ.૪૮૦૦ રોકડા અને ચાર મોબાઇલ સાથે કુલ રૂ.૬૨૦૦ની મત્તા સાથે ઝડપી લઇ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## માંડવીના મોટા લાયજામાં દેશી દારૂની ભટ્ટી ઝડપાઇ

માંડવી તાલુકાના મોટા લાયજા ગામે ધમધમતી ભટ્ટી પર માંડવી પોલીસે દરોડો પાડીને દેશી દારૂ બનાવવા માટેના ૧૦૦૦ લીટર આથા સાથે ભટ્ટીના સંચાલક ખેરાજ વીરા ગઢવી ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધ રી હતી.

# કાંડાગરા અને ધ્રબમાં રેતીની ચોરી કરવાનું કારસ્તાન પોલીસે પકડ્યું.

મુંદરા ખાતે થોડા દિવસો પચહેલા યોજાયેલા જીલ્લા પોલીસ અધિક્ષકના લોક દરબાર અંતર્ગત રેતીની ગેરકાયદેસર ચોરી બાબતે થયેલી ફરીયાદ બાદ આજે મુંદરા પોલીસે કાર્યવાહી હાથ ધરીને તાલુકાના મોટા કાંડાગરા અને ધ્રબ ગામ નજીકથી રેતીની ચોરીની કારસો પકડી પાડ્યો હતો આ કાર્યવાહીમાં ત્રણ ડમ્બર અને બે લોડર મળીને કુલ પાંચ વાહનો કબજે કરાયો હતો અલબત કોઇ આરોપી હાથમાં આવ્યો ન હતો. મોટા કાંડાગરા ગામે ભુખી નદીના પટમાં તથા ધ્રબની સીમમાં વિલમાર કંપની પાછવાટ આવેલી નદીના પટમાં જુદી જુદી જગ્યાએ રેતીની ગેરકાયદેસર ઉત્ખન્ન આ કાર્યવાહીમાં પકડયું છે. જેમાં રેતી ભરેલી ત્રણ ડમ્પર લોડિંગ માટે વપરાતા બે લોડર મળી આવયા હતા બાતમીના આધારે પોલીસે આ દરોડો પડ્યો ત્યારે કોઇ આરોપી હાથમાં આવ્યો ન હતો. મુંદરા પોલીસના દ્વારા કબ્જે કરાયેલા વાહનો આર.ટી.ઓ. કચેરી તરફ અને  રેતી ચારોનો મામલો અનજે ખાણ ખનિજ ખાતાના હવાલે કરવામાં આવયો છે. કબ્જે થયેલા વાહનોના નંબરના આધભારે આરોપી ઓનું પગેરૂ દબાવાશે. તેવો નિર્દેશ પોલીસે આપ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે થોડા દિવસો પહેલા એસ.પી.એ મુંદરા ખાતે લોક દરબાર યોજાયો હતો ત્યોરે તેમાં મુંદરા વિસ્તારમાં થતી રેતીચોરી બાબતે રજુઆત થઇ હતી. આ પછી આજે બાતમીના આધારે પોલીસ ઇન્સપેકટર ડી.વી.રાણાના રાહબરીમાં સ્ટાફના સભ્યોએ આ કામગીરી કરી હતી.